પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૬૨, કુલ પાના:૪, તારીખ: ૦૨-૧૧-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 62 PRICE :-RS. 1.50 DATE : 02-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પાંચ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી લોકડાઉન લાગુ રહેશે

## કોરોનાની બીજી લહેર: બ્રિટનમાં ફરી એક મહિનાનું લોકડાઉન



લંડન,

બ્રિટનમાં કોરોના વાઈરસના કેસ વધી જતાં ફરી એક મહિનાનું લોકડાઉન લાગુ કરવામાં આવશે. આ લોકડાઉન પાંચમી નવેમ્બરથી શરૂ થશે અને ૨ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. બ્રિટનના વડા પ્રધાન બોરીસ જોન્સને આ નિર્ણયની જાહેરાત કરી છે. જોન્સનના વૈજ્ઞાનિક સલાહકારોએ કહ્યું છે દેશ પાસે વાઈરસને ફેલાતો અટકાવવા માટે આ એકમાત્ર રસ્તો છે.

સેજ સમિતિના વૈજ્ઞાનિકોએ કાલે ૧૦ નામથી એક આંકડો રજૂ કર્યો હતો, જેનાથી માલૂમ પડે છે કે કોવિડ-૧૯થી તેમના દ્વારા સૌથી ખરાબ સ્થિતિના આકલન સામે કોરોના વાઈરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. હાલમાં બ્રિટનમાં વાઈરસના પ્રસારમાં ઝડપથી વધારો થયો છે. કેબિનેટનાં સૂત્રોએ જણાવ્યું હતું કે લોકડાઉનનું એલાન આવતા સપ્તાહે થવાની ધારણા છે. જોકે એ સ્પષ્ટ નથી કે લોકડાઉન કયા સ્વરૂપે લાગુ થશે અને ક્યાં સુધી લાગુ કરવામાં આવશે. જોકે આવશ્યક ચીજવસ્તુઓનાં વેચાણ સિવાયની બધી દુકાનો બંધ રહેવાની શક્યતા છે. આ સિવાય સ્કૂલો અને યુનિવર્સિટીઓને બંધ કરવામાં આવે એવી શક્યતા છે.

નવા વર્ષથી પહેલાં પ્રધાનો દ્વારા રજૂ કરવામાં આવેલા અંદાજ પ્રમાણે દૈનિક ધોરણે ૪૦૦૦ લોકોનાં મોત થવાનો અંદાજ છે, એમ બીબીસીનો અહેવાલ કહે છે.

વડા પ્રધાન બોરિસ જોન્સન સોમવારે એક પત્રકાર પરિષદમાં લોકડાઉનની જાહેરાત કરે એવી શક્યતા છે અને નવાં નિયંત્રણો બુધવારથી લાગુ કરવામાં આવે એવી સંભાવના છે. આ લોકડાઉન પહેલી ડિસેમ્બર સુધી રહેવાની ધારણા છે. સરકાર માટે આવતું સપ્તાહ પડકારરૂપ રહેવાની ધારણા છે, કેમ કે લોકડાઉનથી પહેલાં એ નિર્ણય લેવાનો છે કે નવાં નિયંત્રણો કેવા પ્રકારનાં રહેશે.

### બ્રિટનમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦ લાખની પાર પહોંચી

વડા પ્રધાન જોન્સન અને નાણાપ્રધાન રિશી સુનકને એ વાતનો ડર લાગી રહ્યો છે કે જો લોકડાઉન લાગુ કરવામાં આવશે તો દેશના અર્થતંત્ર પર ભારે પ્રતિકૂળ અસર પડશે. આમ પણ કોરોનાને કારણે અર્થતંત્રની માઠી દશા ચાલી રહી છે.

## દેશમાં કોરોનાના સક્રિય કેસ ૬ લાખથી ઓછા, એક દિવસમાં નોંધાયા ૪૬,૯૬૪ નવા કેસ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોનો આંકડો ૯૦ લાખની નજીક પહોંચી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૯૬૪ નવા કેસો સામે આવ્યાં છે. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૮૧,૮૪,૦૮૩ પર પહોંચી ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૫૮,૬૮૪ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૪૭૦ ના મરણ નોંધાયા છે. દેશમાં ૩ ઓગસ્ટ બાદ એક્ટિવ કેસોની સંખ્યા સૌથી ઓછી નોંધાઈ છે. હાલ દેશમાં કુલ ૫,૭૦,૪૫૮ કોરોનાના એક્ટિવ કેસો છે. દેશમાં હાલના સમયે રિકવરી રેટ ૯૧.૫ ટકા નોંધવામાં આવી છે. જ્યારે ડેથરેટ ૧.૪૯ ટકા છે. એક્ટિવ દર્દીઓનો દર ૭.૧૬ ટકા છે. જ્યારે પોઝિટિવિટી રેટ ઘટીને ૪.૫૧ ટકા પર આવી ચૂક્યો છે.

ગત એક દિવસમાં ૫૯,૪૫૪ દર્દીઓ સ્વસ્થ થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. આ સાથે સમગ્ર દેશમાં કુલ ૭૪,૯૧,૫૧૩ દર્દીઓ જીવલેણ વાઈરસને હરાવી ચૂક્યાં છે. એટલે કે આટલા દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૧,૨૨,૧૧૧ લોકોના મોત કોરોના કારણે થયા છે.

સમગ્ર દેશમાં ભલે કોરોનાના પોઝિટિવ કેસો ઘટી રહ્યાં હોય, પરંતુ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસો ફરીથી વધી રહ્યાં છે. દિલ્હીમાં સતત ચોથા દિવસે ૫૦૦૦થી વધુ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. દીવાળીની આસપાસ કોરોનાના પોઝિટિવ કેસો વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં પણ કોરોના પ્રકોપ યથાવત છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૫,૫૪૮ નવા કોરોના કેસ નોંધાયા છે. તેની સાથે જ અહીં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧૬ લાખથી વધુ થઈ ગઈ છે. જ્યારે રવિવારે ૭૪ લોકોના મોત કોરોનાને કારણે થયું છે. કેરલામાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૯૮૩ નવા કેસ નોંધાયા છે. તેની સાથે અહીં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૪.૨૦ લાખ પર પહોંચી છે. અહીં વધુ ૨૭ લોકોના મોત કોરોનાના કારણે થતા કુલ મોતનો આંકડો ૧,૪૮૪ પર પહોંચ્યો છે.

## પર્યાવરણ મંત્રાલયમાં ગુજરાત સરકારની અરજી પેન્ડિંગ છતાં કરાયું સી-પ્લેનનું ઉદ્ઘાટન..!



અમદાવાદ,

દેશના પ્રથમ સી-પ્લેન સેવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યુ છે. કેવડિયાથી સાબરમતી રિવરફ્રન્ટ વચ્ચે સી-પ્લેનનો આજથી પ્રારંભ કરાયો છે. જોકે, અંદર કી બાત એ છેકે, કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રાલયે સી-પ્લેન માટે એનવાયરમેન્ટ ક્લિયરન્સ આપ્યુ નથી. એટલું જ નહીં, વોટર એરોડ્રામ માટે જરૂરી પ્રક્રિયા સુધ્ધાં હાથ ધરાઈ નથી.આમ છતાંય સી-પ્લેનનું ઉદઘાટન કરી દેવાયુ છે. ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયાથી રિવરફ્રન્ટ સુધી સી-પ્લેનમાં સવારી હતી. સી-પ્લેન માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી , શેત્રૂંજય ડેમ અને પાલીતાણા ડેમમાં વોટર એરોડ્રામ બનાવવા આખીય પ્રક્રિયા ગુજરાત સરકારે પર્યાવરણ મંત્રાલયમાં ૨૨મી એપ્રિલે અરજી કરી હતી. તે વખતે પર્યાવરણ મંત્રાલયની એકસપર્ટ કમિટીએ આ ત્રણેય સ્થળો માટે પર્યાવરણીય અસર અહેવાલ (એનવાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ) તૈયાર કરવા જણાવ્યુ હતું

જેમાં આ પ્રોજેક્ટથી જૈવિક વિવિધત અને પ્રાણીઓને કોઈ અસર પહોંચે છે કે કેમ તે જાણી શકાય. ઉલ્લેખનીય છે કે આ અહેવાલ રજૂ થયા બાદ જનસુનામણી હાથ ધરવાની હોય છે. સાથે સાથે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડે પણ આ અહેવાલ આધારે જનસુનાવણી કરવી પડે જેથી લોકો વાંધા સુચનો રજૂ કરી શકે. પર્યાવરણ અસર અહેવાલ પ્રદુષણ નિયંત્રણ બોર્ડે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ય આપવો પડે. પર્યાવરણવિદ રોહિત પ્રજાપતિનું કહેવુ છેકે, પર્યાવરણ અસર અહેવાલ વિના સી-પ્લેનનું ઉદઘાટન કરી શકાય નહીં કેમ કે,પર્યાવરણ મંત્રાલયમાં ગુજરાત સરકારની અરજી પેન્ડિંગ છે.મંત્રાલયે એનવાયરમેન્ટ કલિયરન્સ જ આપ્યુ નથી. ગુજરાત સરકારે પણ ઈઆઈએ રિપોર્ટ તૈયાર કર્યો નથી ત્યારે ગુજરાત સરકારના એવિએશન વિભાગે જ કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયના નોટિફિકેશન ૨૦૦૬ના નિયમોનુ સરેઆમ ઉલ્લેઘંન કર્યુ છે તેમ કહીએ તો ખોટુ નથી. વોટર એરોડ્રામ માટે કોઈ પણ જાતની પ્રક્રિયા હાથ ધરાઈ નથી. હજુ પર્યાવરણ મંત્રાલયમાં વોટર એરોડ્રોમને લઈને ગુજરાત સરકારની અરજી પેન્ડિંગ છે. આમ, સી-પ્લેનના ઉદઘાટનને લઈને ફરી એકવાર વિવાદ વકરે તેવી શક્યતા જોવાઈ રહી છે. વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીઓ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સી-પ્લેન શરૂ કરવા વચન આપ્યુ હતું. જોકે, એવુ જાણવા મળ્યુ છેકે, શેંત્રૂજય ડેમ, પાણીતાણા ડેમ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સી-પ્લેન પ્રોજેક્ટને લઈને ગુજરાત સરકારે વન પર્યાવરણ મંત્રાલયમાં અરજી કરી હતી પણ અમદાવાદ રિવરફ્રન્ટ પર વોટર એરોડ્રોમ બનાવવા અરજી કરવાનુ ય ભૂલાઈ ગયુ હતું. આખરે આ બાબત ધ્યાને આવતાં ૨૭મી ઓગષ્ટે પર્યાવરણ વિભાગમાં અરજી કરવામાં આવી હતી.

## શ્રદ્ધાંજલિ

નથી હયાત છતાં સાથે છે એવું હંમેશા લાગ્યા કરે.....
હરક્ષણ તમારી ઉપસ્થિતીનો આભાસ લાગ્યા કરે....
કયારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...



### સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ

જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

લી. ગં.સ્વ. પંચાલ ચંદનબેન રમણલાલ
ગં.સ્વ. પંચાલ ભારતીબેન રામચંદ્રભાઈ
ગં.સ્વ. પંચાલ આશાબેન અજયભાઈ

પંચાલ દિલીપભાઈ જયંતીલાલ
પંચાલ વિજયભાઈ કાંન્તીલાલ - પંચાલ ભગવતીબેન વિજયભાઈ
પંચાલ યોગેશભાઈ રમણલાલ - પંચાલ માયાબેન યોગેશભાઈ
પંચાલ નીલેશભાઈ રમણલાલ - પંચાલ દર્શનાબેન નીલેશભાઈ
પંચાલ રૂપેશભાઈ રમણલાલ - પંચાલ નેહાબેન રૂપેશભાઈ
પંચાલ રાજેન્દ્રકુમાર રામચન્દ્રભાઈ - પંચાલ દિપીકાબેન રાજેશકુમાર
પંચાલ કલ્પેશકુમાર રામચન્દ્રભાઈ - પંચાલ ક્રિષ્નાબેન કલ્પેશકુમાર
પંચાલ રાજેન્દ્રકુમાર કાંતીલાલ - પંચાલ ચેતનાબેન રાજેન્દ્રકુમાર
પંચાલ કૌશલ વિજયભાઈ - પંચાલ કિંજલબેન કૌશલભાઈ
પંચાલ કમલ વિજયભાઈ - પંચાલ દિપીકાબેન કમલભાઈ
પંચાલ કરણ અજયભાઈ - પંચાલ ઉન્નતીબેન રાજુભાઈ
પંચાલ ભાર્ગવ યોગેશભાઈ - પંચાલ નેહાબેન ભાર્ગવભાઈ
પંચાલ પ્રવીણકુમાર પરષોત્તમભાઈ - પંચાલ કુંજલતાબેન પ્રવીણકુમાર
પંચાલ દિલીપકુમાર અમૃતલાલ - પંચાલ સરલાબેન દિલીપકુમાર
પંચાલ કિરીટકુમાર રતીલાલ - પંચાલ શકુબેન કિરીટકુમાર
પંચાલ કિરીટકુમાર ચંદુલાલ - પંચાલ સંગીતાબેન કિરીટકુમાર
પંચાલ ચંદ્રકાન્ત ચંદુલાલભાઈ - પંચાલ સોનલબેન કિરીટકુમાર
દેસાઈ નમન રમેશભાઈ - દેસાઈ હેતલ નમનભાઈ
પરમાર સેજલ ભાવેશકુમાર
પંચાલ હીરલ ચેતનકુમાર
પંચાલ ગાયત્રી રાજેશકુમાર
પંચાલ માન્સી પ્રિયન્કકુમાર,
પંચાલ એકતા અક્ષયકુમાર

પંચાલ પંથીલ, પંચાલ આર્યન, પંચાલ રૂદ્ર, પંચાલ જૈવીક, પંચાલ વૈષ્ણવી, પંચાલ ક્રીતીકા, પંચાલ જીલ, પંચાલ નીધી, પંચાલ મોક્ષા, પંચાલ દ્રીશા, દેસાઈ ધ્વની, પરમાર અથર્વ, પંચાલ સન્ની, પંચાલ ચિરાગ, સ્વ. પંચાલ જીમીતકુમાર

## મુઠ્ઠી બંધ કરીને મને ખાતરી આપો કે ૩ તારીખે પંજાનું બટન દબાવશો: સિંધિયા



ભોપાલ,

મધ્યપ્રદેશની પેટા-ચૂંટણીઓના પગલે નેતાઓની અવર-જવર યથાવત છે. જાહેર સભામાં તેમના પક્ષને ટેકો આપવા તેઓ દ્વારા પ્રજાને અપીલ કરવામાં આવી રહી છે. આવી જ એક જાહેર સભામાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ ભાંગરો વાટ્યો હતો અને ભાજપને બદલે કોંગ્રેસ માટે મત માંગતા સભામાં સોપો પડી ગયો હતો. જો કે, તરત જ તેમણે તેમની ભૂલનો અહેસાસ થયો. ત્યારબાદ તેમણે માત્ર ભાજપના પક્ષમાં મત આપવાની અપીલ કરી હતી.

(અનુ.પાના.નં.૨)

## હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી, ગુજરાતમાં આવતા ૪ દિવસમાં પારો ગગડશે



ગાંધીનગર,

ગુજરાતમાં ફૂલ ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. વહેલી સવારે હળવી ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. અમદાવાદ-ગાંધીનગર સહિતના મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો નીચે આવ્યો છે. અમદાવાદ સહિત રાજ્યના ૧૪ શહેરોમાં ઠંડીનો પારો ૨૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી ચાર દિવસમાં ઠંડીમાં હજી વધારો થવાની શકયતા છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં સક્રિય થયેલા સાયક્લોનિક સરક્યૂલેશનની અસરથી રાજ્યમાં ઠંડા પવનોનું જોર વધ્યું છે.

(અનુ.પાના.નં.૨)

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.

મો.9737024962 / 7778024962

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. કે. બારીઆ

મુ. ખાણપાટલા, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. આર. રાઠવા

મુ. રાણીપુરા, તા. ઘોઘંબા

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# ખાનપુર તાલુકામાં જંગલોની જમીન તેમજ સરકારી ગૌચર જમીનમાંથી ગેરકાયદેસર વૃક્ષોનું છેદન : કોઈપણ જાતની પરવાનગી લેવાતી નથી

ખાનપુર,
ખાનપુર તાલુકામાં સરકારી જંગલોની જમીનો ઉપરાંત ગ્રામ્ય પંચાયતો હસ્તકની સરકારી ગૌચરણ અને સરકારી જમીનો ઉપરાંત ખેડુતોની ખેતીલક્ષી જમીનોમાંથી છેલ્લા ઘણા સમયથી કેટલાંક ઈમારતી અનામત વૃક્ષો અને કેટલાંક બિનઅનામત વૃક્ષોનુ છેદન થઈ રહ્યુ છે. જેને રાત્રિના સમયે ટ્રકો–ટ્રેક્ટરો વડે ભરી સગેવગે કરવામાં આવી રહ્યુ છે. વધુમાં આ માટે વન વિભાગ કે મામલતદારોની પરવાનગી લેવામાં આવતી ન હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

ખાનપુર તાલુકાના ખાનપુર વિસ્તારમાં છેલ્લા કેટલાંય સમયથી લાકડા ચોરો સક્રિય થયા છે. અને ખાનપુર વિસ્તારમાં અંધારાનો લાભ લઈ છેલ્લા કેટલાંય સમયથી લાકડા ચોરોએ રાત્રે વનવિભાગના કર્મચારીઓ તેમજ અધિકારીઓને અંધારામાં રાખી સરકારના અનામત પ્રકારના વૃક્ષો સહિત જલાઉ લાકડા બેફામ રીતે મંજુરી વગર કાપીને લાકડા ચોરો અંધારામાં ગેરકાયદેસર હેરાફેરી કરી વેપલો ચલાવી રહ્યા છે. રાતના અંધારાનો લાભ લઈ કટર મશીન સાથે ટ્રેકટર, ટ્રક સાથે પહોંચી ઈમારતી તેમજ જલાઉ લાકડાના તોતિંગ વૃક્ષોનુ નિકંદન કાઢી રફુચક્કર થતાં હોય છે. પર્યાવરણ પ્રેમીઓએ કરેલા આક્ષેપ મુજબ ખાનપુરમાં આ રીતે છેલ્લા કેટલાંય સમયથી ટ્રેક્ટર–ટ્રક, ટેમ્પામાં ગેરકાયદેસર રીતે વૃક્ષોની હેરાફેરી કરવામાં આવી રહી છે. ટાડપત્રી બાંધીને તો કેટલાંક બિન્દાસ્ત ખુલેઆમ કટિંગ કરેલા વૃક્ષો ગેરકાયદેસર ટ્રકમાં ભરી જતા નજરે પડ્યા છે. તેમ છતાં વન વિભાગ દ્વારા કાર્યવાહી ન કરાતા કંઈક રંધાતુ હોય તેવુ પર્યાવરણ પ્રેમીઓને લાગી રહ્યુ છે. વૃક્ષોનુ નિકંદન કરી બિન્દાસ્ત રીતે જતાં લાકડાચોરોને વનવિભાગ અથવા મામલતદાર વિભાગ ઝડપી પાડી યોગ્ય પગલા ભરે તેવી માંગ ઉભી થવા પામી છે.

# લુણાવાડા વિસ્તારમાં ગરીબ ખેડુતોને ખેતીની લોનમાં બેંક કર્મચારી અને વચેટિયા દ્વારા ખેડુતો સાથે થતી છેતરપિંડીનું કૌભાંડ સામે આવ્યું

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા વિસ્તારના ગરીબ ખેડુતો સાથે ખેતીની ક્રોપ લોનમાં બેંકના કર્મચારી અને વચોટિયા એજન્ટો દ્વારા ગરીબ ખેડુતો જોડે છેતરપિંડી કરી ખેડુતોના નાણાં ચાઉં કરી જવાનુ સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ છે. જિલ્લાના ગરીબ ખેડુતો પાસે બેંકના મેનેજર સહિત કર્મચારીઓ સાથે સાંઠગાંઠ કરી ગરીબ ખેડુતોના ઘરે ઘરે જઈ ડોકયુમેન્ટ લઈ સીધી લોન લુણાવાડાની કેનરા બેંકમાં કરીને મોટાભાગના નાણાં એજન્ટ અને બેંકના કર્મચારીઓની મિલીભગત કરીને ખેડુતને માત્રને માત્ર ૫૦ હજાર આપીને ખેડુતો સાથે મોટી છેતરપિંડી કરી નાણાં ઘર ભેગા કર્યા હોવાનુ સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ છે. હાલ તો ગરીબ ખેડુતો કેનરા બેંકના ધકકા ખાઈ રહ્યા છે. પરંતુ બેંકમાંથી કાઢી મુકવામાં આવી રહ્યા છે. જો કે, ખેડુતોએ ખેતીની નકલો કઢાવતા નકલમાં ૫ લાખની લોનનો બોજો ચઢી ગયો હોવાનુ બહાર આવતા તમામ ખેડુતોએ બેંકના મેનેજર સહિત એજન્ટ અને બેંક મિત્ર કિરીટભાઈ કાળુભાઈ માછીને વકીલ દ્વારા નોટિસ મોકલી ખુલાસો માંગવામાં આવ્યો હતો. અને જો સમય મર્યાદામાં યોગ્ય જવાબ નહિ મળે તો પોલીસ કેસ કરી સમગ્ર કૌભાંડ બહાર પાડવામાં આવશે તેવુ ખેડુતોએ જણાવ્યુ હતુ.

# શહેરાના ઉજડા વાડી પાસે પાનમ કેનાલમાં સાફસફાઈનો અભાવ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા ના ઉજડાં વાડી પાસે પસાર થતી પાનમ ની સિંચાઈ કેનાલ અમુક જગ્યાએ તૂટી જવા સાથે જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. આ સિંચાઈ કેનાલની પાનમ સિંચાઈ વિભાગ દ્વારા યોગ્ય રીતે સાફ–સફાઈ કરવામાં નહીં આવતા હાલ કેનાલ ની અંદર પથ્થર તેમજ ગંદકીનું સામ્રાજ્ય પણ જોવા મળી રહ્યુ છે.

શહેરા તાલુકાના મોરવા રેણા અને આજુબાજુના ગામના ખેડૂતો માટે પાનમ સિંચાઈ કેનાલ આશીર્વાદ સમાન છે. ઉજડા વાડી પાસે પસાર થતી પાનમ સિંચાઈ કેનાલની પાનમ સિંચાઈ વિભાગ એ સાફ–સફાઈ નહિ કરવામાં આવતા ઝાંડી ઝાંખરા ઉગી નીકળ્યા છે. કેનાલ અમુક જગ્યા એ તૂટી ગયેલ હોવા સાથે ગંદકીનું સામ્રાજ્ય જામ્યું છે. પાનમ સિંચાઈ વિભાગ દ્વારા સિંચાઈ કેનાલ માં અત્યારે પાણી છોડવામાં નથી આવ્યું ત્યારે ખાલીખમ પાણી વગર જોવા મળતી કેનાલની મરામત સાથે જંગલી વનસ્પતિ દૂર કરવામાં આવે તે હાલની પરિસ્થિતિને જોતા જરૂરી લાગી રહ્યુ છે. સિંચાઈ કેનાલ ના પાણી નો ઉપયોગ કરતા ખેડૂતો પણ પાનમ સિંચાઈ વિભાગ કેનાલ ની સાફ સફાઈ કરે તેવી આશા રાખી રહ્યા છે.

મુખ્યમંત્રી, સી.આર.પાટીલ અને અમિત શાહ સામે કાર્યવાહી થાય: અમિત ચાવડા

# કોંગ્રેસે વીડિયો જાહેર કરી કર્યા આક્ષેપો ભાજપ ભ્રષ્ટાચારના પૈસાથી ધારાસભ્યો ખરીદે છે



ગાંધીનગર,
ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીને લઈને રાજ્યનું રાજકારણ ગરમાયું છે. ૩ નવેમ્બરે ૮ બેઠકો પર મતદાન થવાનું છે અને આજે સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ જવાના છે. ત્યારે ભાજપ દ્વારા પૈસા આપીને જનપ્રતિનિધિ ખરીદવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. કોંગ્રેસે પત્રકાર પરિષદ યોજીને સ્ટિંગ ઓપરેશનના વીડિયો પણ જાહેર કર્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું છેકે, ભાજપ દ્વારા નેતાઓના ખરીદ-વેચાણ અને સોદાબાજી કરવામાં આવે છે. ભાજપ ભ્રષ્ટાચારના પૈસાથી સોદાબાજી કરી ધારાસભ્યોને ખરીદે છે. સાથે જ સી.આર.પાટીલ અને અમિત શાહ સામે ACB અને મની લોંડરિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી છે. ખાસ કરીને વિજયભાઈ હોય કે ભાજપના નેતા હોય વારંવાર ભાષણ કરે છેકે કોંગ્રેસમાં આંતરિક જૂથવાદ છે. ધારાસભ્ય સાચવી શકતી નથી.

ભારતીય જનતા પાર્ટીના વિકાસના મોડલને અનુકરણ કરીને લોકો ભાજપમાં જોડાઈ રહ્યાં છે. ભાજપના પ્રજાલક્ષી કાર્યક્રમોને જોઈને ધારાસભ્યો ભાજપમાં આવી રહ્યાં છે. આજે અમે એક વીડિયો બતાવીએ છીએ જેમાં ભારતીય જનતા પાર્ટીની ચાલ, ચરિત્ર અને ચહેરો સ્પષ્ટ ઉજાગર થયાનો છે. ભ્રષ્ટાચારથી ભેગા કરેલા પૈસાથી કઈ રીતે જનપ્રતિનિધિઓ ખરીદવા સૌદાબાજી થાય છે. કઈ રીતે કરોડો રૂપિયાથી પ્રજાનો જે જનમત છે તેને ખરીદવામાં આવે છે અને કઈ રીતે લોકશાહીના મુલ્યોને ખતમ કરવામાં આવે છે. અમિત ચાવડાએ કહ્યું કે, વીડિયોમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છેકે કઈ રીતે ભાજપે ધારાસભ્યો સાથે સોદાબાજી કરી છે. કરોડો રૂપિયા આપી રાજીનામા અપાવ્યા છે. આ સોદાબાજીમાં આખી પ્રક્રિયામાં ડીલ કરવામાં રાજ્યાના મુખ્યમંત્રી, રાજ્યના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને અમિત શાહ આ ત્રણેયના નામનો સ્પષ્ટ ઉલ્લેખ થયા છે. તેનાથી સ્પષ્ટ થાય છેકે, ભાજપ દ્વારા જ્યારે તેમના કાર્યો અને નીતિથી પ્રજા વચ્ચે જઈ શકાતું નથી ત્યારે ભ્રષ્ટાચારથી ભેગા કરેલા પૈસાથી આ રીતે સોદાબાજી થાય છે, ધારાસભ્યોના રાજીનામા લેવાય છે અને આ ધારાસભ્યો સાથે સોદાબાજી કરી ફરીથી ટિકિટ આપવા આવે છે. અમિત ચાવડાએ જણાવ્યું કે, વીડિયોમાં મુખ્યમંત્રી, સીઆર પાટીલ અને અમિત શાહનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેથી અમે માગણી કરીએ છીએ કે આ લોકશાહીના મુલ્યોને બચાવવા માટે એક દેશના રાજ્યની જનતાના વિશ્વાસને ખરીદવાની હિંમત કરવામાં આવી છે, તેની ન્યાયિક તપાસ થવી જોઈએ અને સાથે સાથે જે લોકોનો આ વીડિયોમાં ઉલ્લેખ થયો છે, રાજ્યના મુખ્યમંત્રી ભાજપના રાજ્યના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને અમિત શાહ સામે ACB એક્ટ હેઠળ અને મનલોંડરિંગના કેસ દાખલ કરવા જોઈએ. તેમની તપાસ કરી, ભવિષ્યમાં આવું ન થાય એ માટે તાત્કાલિક તેમની સામે કાર્યવાહી થવી જોઈએ.

# ખાનપુરના બાકોર પોલીસ મથકના હે.કોન્સ્ટેબલને ૨૫૦૦ની લાંચ લેતા ACBએ રંગે હાથે ઝડપ્યો

ખાનપર,
મહિસાગર જીલ્લાના બાકોર પોલસી મથકના હેડ કોન્સ્ટેબલને ૨૫૦૦ રૂપીયા લાંચ લેતાં એસી.બી.ની ટેપમાં આબાદ ઝડપ્યો પોલીસ કર્મી લાંચમાં ઝડપાતા લાંચિયા કર્મીઓમાં ફફડાટ જોવા મળ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ખાનપુર તાલુકાના બાકોર પોલીસ મથક જમીન સંબંધી ફરિયાદમાં અરજદારે કોર્ટ માંથી આગોતરા જામીન મેળવ્યા હતા. જેમાં બાકોર પોલીસ મથકે અટક કરી તે જામીન મેળવેલ હતા. બાદમાં બાકોર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ પરમાભાઈ વણકર જમીન સંબંધીત ગુનાના આક્ષેપિત અરજદારને પોલીસ મથકમાં હસ્તાક્ષર અને ફિંગરપ્રિન્ટના નમુના લેવા માટે અવારનવાર પોલીસ મથકે બોલાવીને પરેશાન કરતા હતા અને હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ વણકરે અરજદાર પાસેથી તપાસના કાગળોની ઝેરોક્ષ કઢાવવા માટે ૨૫૦૦/–રૂપીયાની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી લુણાવાડા એસીબી કચેરીના સંપર્ક કરીને લાંચ બાબતે ફરિયાદ કરી હતી. લુણાવાડા એસીબી દ્વારા છટકું ગોઠવીને ૨૫૦૦ રૂપીયાની લાંચ લેતાં હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ વણકરને રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. બાકોર પોલીસ મથકનો હેડ કોન્સ્ટેબલ લાંચમાં એસીબીના છટકામાં ઝડપાઈ જતાં અન્ય લાંચિયા કર્મીઓમાં ફફડાટ વ્યાપ્યો જોવા મળ્યો.

# હાલોલ-પાવાગઢ બાયપાસ હાઈવે પર બાપોદના યુવાનનો મૃતદેહ મળી આવ્યો

હાલોલ,
હાલોલ–પાવાગઢ બાયપાસ રોડ પરથી વડોદરાના બાપોદ ખાતે રહેતા યુવાનનો મૃતદેહ મળ્યો હતો. જેમાં મૃતદેહની પાસેથી દવાની બોટલ મળતા યુવકે કોઈ પ્રવાહી પી લેતા મરણ ગયાનુ જણાતા ટાઉન પોલીસે અકસ્માત મોતે નોંધ કરી હતી.

હાલોલ–પાવાગઢ બાયપાસ રોડ તરફ જવાના રસ્તેથી વડોદરાના બાપોદ ખાતે રહેતા મયુર રાણા રોડ પરથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. જયારે જે સ્થળે મરણ ગયેલ હાલતમાં હતા ત્યાંથી કેમિકલવાળી બોટલ પણ મળી આવી હતી. કોઈએ ૧૦૮ને જાણ કરતા તે મારફતે હાલોલ રેફરલ ખાતે લાવવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના ડોકટરોએ મૃત જાહેર કર્યો હતો. અને સાથે મળી આવેલ કેમિકલવાળી બોટલ મળી આવેલ હોઈ તેઓએ આ બોટલનુ કેમિકલ પી લેતા તેઓનુ મોત નીપજયું હોવાનુ જણાતા ફરજ પરના ડોકટરોએ હાલોલ ટાઉન પોલીસ મથકે આ બાબતે જાણ કરતા પોલીસે બનાવ અંગે અકસ્માત મોત નોંધી કાયદાકિય કાર્યવાહી હાથ ધરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૨-૧૧-૨૦૨૦, સોમવાર, નિજ આસો વદ-૨, સૂર્યોદય-૬-૫૩, સૂર્યાસ્ત-૬-૦૮, જૈન નવકારશી-૭-૪૧, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૨-૦૮ થી ૧૨-૫૩ સુધી, ૬-૫૩ થી અમૃત-૮-૧૭ સુધી, ૯-૪૨ થી શુભ-૧૧-૦૬ સુધી, ૧૩-૫૫ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૪૩ સુધી, ૨૨-૫૫થી લાભ-૨૪-૩૧ સુધી

- શુભ હોરા-
૬-૫૩ થી ૭-૪૯ સુધી, ૮-૪૫ થી ૯-૪૨ સુધી, ૧૧-૩૪ થી ૧૪-૨૩ સુધી, ૧૫-૧૯થી ૧૬-૧૫ સુધી

# એકબાજુ ડબલ એન્જિનની સરકાર અને બીજીબાજુ ડબલ યુવરાજ: મોદી



છપરા,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પહેલાં છપરા સહિત ત્રણ ચૂંટણી રેલીઓને સંબોધી હતી. તેમણે જનતાને બિરદાવતા કહ્યું કે, આ એક અદભૂત નજારો છે. અહીંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. પહેલા તબક્કાના મતદાનથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે નીતિશબાબુના નેતૃત્વમાં બિહારમાં ફરીથી એનડીએની સરકાર બની રહી છે. પહેલા તબક્કાના મતદાનમાં તમે એનડીએને જે ભારે સમર્થનના સંકેત આપ્યા છે અને જેમણે પણ મતદાન કર્યું છે તેમનું હું અભિવાદન કરું છું. આ દરમિયાન પીએમ મોદીએ વિપક્ષ ઉપર આકરા પ્રહારો કર્યા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'ભાજપ માટે, એડીએ માટે તમારો આ પ્રેમ કેટલાક લોકોને ગમતો નથી, રાતે તેમને ઊંઘ નથી આવતી. ક્યારેક ક્યારેકતો તેઓ પોતાના જ કાર્યકરોને મારી ફેંકે છે. તેમની હતાશા-નિરાશા, ગુસ્સો, હવે બિહારની જનતા બરાબર જોઈ રહી છે. ચહેરા પરથી હાસ્ય ગાયબ થઈ ગયું છે. બિહારના લોકોને તેમની ભાવનાઓને આ લોકો ક્યારેય સમજી શકતા નથી. તેઓ પોતાના પરિવાર માટે પેદા થયા છે, પોતાના પરિવાર માટે જીવે છે, તેમના પરિવાર માટે જ ઝઝૂમી રહ્યા છે. તેમને બિહાર સાથે કે બિહારની યુવા પેઢી સાથે કોઈ લેવા દેવા નથી.

બિહારના લોકોની લાગણીઓને આ લોકો ક્યારેય સમજી શકતા નથી. આ લોકો તેમના પરિવાર માટે જન્મે છે, તેમના પરિવાર માટે જીવે છે અને ફક્ત તેમના પરિવાર માટે ઝઝૂમતા રહે છે. તેમને ના તો બિહાર સાથે કોઈ લેવા-દેવા છે, ના તો બિહારની યુવા પેઢીના સપનાઓ સાથે લેવા-દેવા છે. જેમની નજર હંમેશા ગરીબોના પૈસા પર હોય, તેમને ક્યારેય ગરીબોના દુઃખ તેમની તકલીફો કયારેય દેખાશે નહીં. તો ભાજપના નેતૃત્વમાં એનડીએનું ગઠબંધન બિહારના ગરીબના જીવનની મુશ્કેલીઓ ઓછી કરી રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેટલાક લોકોને ભાજપ માટે, એનડીએ પ્રત્યેનો આ પ્રેમ ગમતો નથી. તેની હતાશા, નિરાશા, તેમનો ગુસ્સો, તેમનો ગુસ્સો હવે બિહારના લોકો જોઈ રહ્યા છે. જેની નજર હંમેશાં ગરીબોના નાણાં પર હોય છે, તે ગરીબોનું દુઃખ, તેમની તકલીફ કદી જોશે નહીં. તે જ સમયે, ભાજપના નેતૃત્વ હેઠળ, એનડીએનું અમારું જોડાણ, બિહારના ગરીબોના જીવનથી, દેશના ગરીબોના જીવનમાંથી મુશ્કેલીઓ ઘટાડી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પહેલા તબક્કામાં લોકોએ ભારે મતદાન કર્યું છે. મતદાનના પ્રથમ તબક્કાના વિશ્લેષણથી સ્પષ્ટ છે કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળ ફરીથી એનડીએ સરકારની રચના કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'આજે બિહારની સામે ડબલ એન્જિન સરકાર છે. તો બીજી બાજુ ડબલ ડબલ યુવરાજ પણ છે. તેમાંથી એક તો જંગલરાજના પણ યુવરાજ છે. ડબલ એન્જિનવાળી એનડીએ સરકાર બિહારના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, તો આ ડબલ ડબલ યુવરાજ પોત પોતાના સિંહાસનને બચાવવાની લડાઈ લડી રહ્યા છે.'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છઠ્ઠ ઉત્સવની ચર્ચા કરતી વખતે બિહારની મહિલાઓને સંબોધન કર્યું હતું. પીએમએ કહ્યું કે, આજે વિશ્વમાં એવું કોઈ નથી કે જેને કોરોનાથી અસર થઈ ન હોય, જેને આ રોગચાળાથી નુકસાન ન પહોંચ્યું હોય. એનડીએ સરકારે આ કટોકટીમાં બિહારના ગરીબ, દેશના ગરીબો, ગરીબોની સાથે ઉભા રહેવાની કોરોનાની શરૂઆતથી જ પ્રયાસ કર્યો છે. ગરીબોને મફત અનાજ આપવું. પીએમએ કહ્યું કે કોરોના યુગ દરમિયાન કોઈ માતાને ચિંતા કરવાની જરૂર નથી કે તે છઠ પૂજા કેવી રીતે ઉજવશે. હે મારી મા! જો તમે તમારા દીકરાને દિલ્હી મૂક્યા છે, તો શું તે છથની ચિંતા કરશે નહીં! મા! તમે છઠની તૈયારી કરો, તમારો પુત્ર દિલ્હી બેઠો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દેશમાં ચારે તરફ વિકાસ વખતે આપ સૌએ તાકાતોથી સાવધાન રહેવાની જરૂર છે. જે પોતાના રાજકીય સ્વાર્થ માટે દેશહિત વિરૂદ્ધ જવાથી પર આવી રહ્યા નથી. આ તે લોકો છે જે દેશના બહાદુર સૈનિકોના બલિદાનમાં તેમનો લાભ પણ જુએ છે. પીએમએ કહ્યું કે, ૨-૩ દિવસ પહેલા પાડોશી દેશએ પુલવામા હુમલાની સત્યતા સ્વીકારી લીધી છે. આ સત્યથી તે લોકોના ચહેરાઓ પરનું આવરણ દૂર થયું જેઓ હુમલો પછી આફવા ફેલાવી રહ્યા હતા.

(પાન નં.૧ નું ચાલુ)

## મુઠ્ઠી બંધ કરીને મને.....

ઉલ્લેખનીય છે કે સિંધિયા શનિવારે ડબરામાં ભાજપના ઉમેદવાર ઈમરતી દેવીના સમર્થનમાં યોજાયેલી સભામાં ભાષણ આપી રહ્યા હતા. આ સમય દરમ્યાન તેની જીભ લપસી ગઈ અને તેના મોઢામાંથી બહાર આવ્યું હતું કે, '૩ તારીખે પંજાવાળુ બટન દબાવવામાં આવે'. સિંધિયાએ કહ્યું, 'મારા ડાબરાના લોકો, મારા ભવ્ય અને જીવંત ડાબરાના લોકો પ મુઠ્ઠી બંધ કરીને અને મને ખાતરી આપો કે ૩ તારીખે પંજાનું બટન દબાવશે.

માર્ચ ૨૦૨૦માં કમલનાથ સરકારના પતનનું સૌથી મોટું કારણ જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાવાનું હતું. સિંધિયાની સાથે તેમના સમર્થક ધારાસભ્યોએ પણ ધારાસભ્ય પદમાંથી રાજીનામું આપ્યું અને ત્યારબાદ ભાજપમાં જોડાયા. આ રીતે વિધાનસભાની એક પછી એક ૨૫ બેઠકો ખાલી થઈ ગઈ અને ધારાસભ્યોના નિધનને કારણે ૩ બેઠકો ખાલી પડી હતી. પરિણામે, મધ્યપ્રદેશની ૨૮ બેઠકો પર પેટા ચુંટણી યોજાઈ રહી છે. પેટા ચૂંટણી માટે મતદાન ૩ નવેમ્બરના રોજ થનાર છે.

## હવામાન વિભાગની ઠંડીને.....

પરિણામે આગામી ચાર દિવસમાં શહેરમાં ઠંડીનો પારો ૧૮ ડિગ્રીથી નીચે જવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જાણકારોના મતે આ વર્ષે સામાન્ય કરતાં વધું ઠંડી પડશે. જેનું કારણ ભારતથી પ્રશાંત મહાસાગરને માનવામાં આવી રહ્યું છે. હવામાનની સચોટ આગાહીઓ કરવા માટે જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે શિયાળાનો વરતારો આપ્યો હતો. તેમણે સમગ્ર ઋતુ કેવી રહેશે તેના અંગે અનુમાન વ્યક્ત કર્યુ છે. બાલાલ પટેલે કહ્યું હતું કે, હાલ પરોઢિયે વધુ ઠંડી પડશે અને ૧થી ૭નવેમ્બર આસપાસ સુધી વાદળ વાયુનું સર્જન થશે. કોઈ કોઈ ઠેકાણે હળવું માવઠું થવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડી વધે તેવી શક્યતા વ્યક્ત કરી છે. અંબાલાલે જણાવ્યું કે ૭મી નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો ચમકારો આવી શકે છે અને ૧૮-૧૯ નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો વધુ ચમકારો આવી શકે છે. જ્યારે દેશાવર ઠંડીનું આગમન ત્યારબાદ થશે અને આગામી ૪ ડિસેમ્બરથી ઠંડીનું પ્રમાણ વધશે અને ન્યુનતમ તાપમાન ઉત્તર ગુજરાતના ભાગોમાં નીચું જશે.

## દૈનિક રાશીફળ

તા.૦૨.૧૧.૨૦૨૦ સોમવાર

મેષ(અ.લ.ઈ.):-લોકોનું સમર્થન મેળવવાની પ્રયત્નોમાં સફળતા મલવાની પ્રતિષ્ઠા વધે નવા આયોજન બાબત સફળતા
વૃષભ(બ.વ.ઉ.):-: આવકની સાથે ખર્ચ રહેવાનો મિત્રોનો સાથ સહકાર સારો રહેશે. ધાર્મિક કાર્યમાં સફળતા મલવાની.
મિથુન(ક.છ.ઘ.):-નવી યોજનામાં નાણા રોકવા બાબત ઉતાવળ ન કરવી ઉધારી ધંધાને લઈને મુશ્કેલી રહે. પ્રવાસ થાય.
કર્ક(ડ.હ.):-સામાજીક પ્રતિષ્ઠા વધવાની વિદેશ જવાની તક મલે અનુભવો તો લાભ સંસ્થાને મલવાનો સ્વાસ્થ્ય જાળવવું.
સિંહ(મ.ટ.):-નોકરીમાં લાભ મલવાનો તમો ખૂબ જ ઉત્સાહ રાખો છો. મિલ્કતના પ્રશ્નોથી જાળવવું પ્રવાસનું આયોજન સફળતા થાય
કન્યા(પ.ઠ.ણ.):-રાજકીય રીતે લાભ દાયક દિવસ રહેવાનો નોકરીમાં અચાનક પરિવર્તન થાય. વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું.
તુલા(ર.ત.):-કાર્યક્ષેત્ર વધારવાના પ્રયત્નો ફળવાના. નવી યોજનામાં અનુકુળતા રહે. લગ્ન ઈચ્છુકોને સારી ઓફર આવે.
વૃશ્ચિક(ન.ય.):-આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું રોજીંદા કાર્યને વળગી રહેજો સંતાનો સાથે સુમેળ વધવાનો.
ધન(ભ.ધ.ફ.ઢ.):-પ્રગતિકારક સમય રહેવાનો છે અટકતા કાર્યોને વેગ મલે માનસિક ટેન્સન હળવુ થાય નવી ઓળખાણ થાય.
મકર(ખ.જ.):-તમારા વિચારોને વળગી રહેજો સફળતા તમારા હાથમાં છે નાણાકીય મુશ્કેલીઓ દૂર થાય. પ્રવાસથી લાભ.
કુંભ(ગ.શ.સ.):-નવા પ્લાનીંગ યોગ્ય છે. તમારે મહેનત કરવાની છે. થોડી ધીરજ પણ કેળવજો જાહેર સાહસોમાં તમોને સફળતા રહે.
મીન(દ.ચ.ઝ.):-જીવન સાથીના સ્વાસ્થ્યને લઈને ટેન્સન રહે વી નોકરીની ઓફર આવે આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર



## દાહોદ જીલ્લામાં ત્રણ માર્ગ અકસ્માતની ઘટનામાં એકનું મોત બે ને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે ત્રણ જુદી જુદી જગ્યાએ સર્જાયેલ માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં એક વ્યક્તિનું મોત જયારે બે જણાને શરીરે ઈજાઓ પહોંચતા નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકામાં આવેલ દાહોદ – ઈન્દૌર હાઈવે રોડ તરફ રળીયાતી ગામ તરફ બનવા પામ્યો હતો જેમાં ગત તા.૩૦મી ઓક્ટોબરના રોજ એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલા મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર તાલુકામાં ખેરમાલ ગામે રહેતા સંજયભાઈ પરથીયાભાઈ પરમાર (ઉ.વ.૩૦) ની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં સંજયભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે રાણાપુર તાલુકાના ખેરમાલ ગામે રહેતા પરથીયાભાઈ જોખલાભાઈ પરમારે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દુધિયા ચોકડી ખાતે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૬મી ઓક્ટોબરના રોજ એક આઈ.ટ્વેન્ટી ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આ દરમ્યાન રસ્તાની બાજુમાં બેસી વેપાર કરી રહેલ સંજયભાઈ વિલાસભાઈ ડબગરની માતાને અડફેટમાં લઈ ટક્કર મારતા સંજયભાઈની માતાને કમ્મરના ભાગે ફ્રેક્ચર કરી વાહન ચાલક નાસી ગયો હતો. આ સંબંધે સંજયભાઈ વિલાસભાઈ ડબગરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના મુંહાહેડા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૩૧મી ઓક્ટોમ્બરના રોજ મુંડાહેડા ગામે ભચલુ નામનો યુવક પોતાના કબજાની મોટરસાઈકલ પર એક સ્ત્રીને બેસાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે મોટરસાઈકલને હંકારી પસાર થઈ રહ્યો હતો આ દરમ્યાન આગળ જતી એક પોલીસ જીપને અડફેટમાં લેતા બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાયા હતા અને જેને પગલે પાછળ બેઠેલ સ્ત્રીને શરીરે ઈજાઓ પહોંચી હતી જયારે પોલીસ જીપને પાછળનું બ્રેક લાઈટ, સાઈડ લાઈટ તોડી નાંખી રૂા.૧,૦૦૦નું નુકસાન પહોંચાડતા આ સંબંધે લીમડી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જશવંતભાઈ દાનાભાઈ ડામોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ ક્રિષ્ણા નગરની પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં પરણાવેલ દાહોદ શહેરની ક્રિષ્ણાનગરમાં રહેતી એક ૨૭ વર્ષીય પરણિતા અને બે સંતાનોની માતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા એનકેન પ્રકારે શારિરીક અને માનસીક ત્રાસ આપી બીજી પત્નિ લઈ આવવાનું કહી મારઝુડ કરતાં હતા અને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા પરિણતા છેલ્લા કેટલાક સમયથી પીયરમાં હોઈ અને ન્યાય માટે આખરે દાહોદ મહિલા પોલીસ મથકના દ્વાર ખખડાવતાં પોલીસ તપાસનો આરંભ કર્યો છે.

દાહોદ શહેરની ક્રિષ્ણાનગરમાં રહેતી ૨૭ વર્ષીય વિધીબેન વિશાલભાઈ પંચાલના લગ્ન આજથી ૬ વર્ષ અગાઉ સમાજના રિતી રિવાજ મુજબ ફતેપુરા નગરના પાછલો પ્લોટ ફળિયામાં રહેતા વિશાલભાઈ બાલક્રિષ્ણ પંચાલ સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂં રાખ્યા બાદ પ્રોત પ્રકાશ્યું હતું. સંતાનમાં વિધીબેનને બે બાળકો પણ હોઈ અને છેલ્લા બે વર્ષથી પતિ તથા સાસરીયાઓ દ્વારા વિધિબેનને મેણા ટોણા મારી પતિ દ્વારા તું મને ગમતી નથી, તને ઘરનું કામકાજ બરાબર આવડતું નથી, તું તારા બાપાના ઘરે જતી રહે તેમ કહી બેફામ ગાળો બોલી મારઝુડ પણ કરતો હતો. જ્યારે સાસરીપક્ષના પ્રવિણાબેન બાલક્રિષ્ણા પંચાલ તેમજ ચિરાગ બાલક્રિષ્ણા દ્વારા અમારે તને રાખવી નથી, અમારા છોકરાને બીજી પત્નિ લાવવાની છે તેમ કહી તેઓ પણ વિધીબેન સાથે મારઝડુ કરતાં હતાં અને પહેરેલ કપડે કેટલાક દિવસો પુર્વે ઘરમાંથી કાઢી મુકતા વિધિબેન પોતાના પિયરમાં આવી ગઈ હતી. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ અને ન્યાય મેળવવા માટે દાહોદ મહિલા પોલીસ મથકે પહોંચેલ વિધીબેને પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાષ્ટ્રીય એકતા દિને આદિવાસી નેતા દ્વારા ઘર પર કાળો ધ્વજ ફરકાવતા પોલીસ જાપ્તો ગોઠવાયો

દાહોદ,

૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિન અંતર્ગત કેટલાક આદિવાસી સમાજ દ્વારા કાળો દિવસ મનાવવાની સૂચનો કર્યા હતા જેમાં સુખસર નજીક રાવલ ના વરૂણા ખાતે આદિવાસી નેતા દ્વારા પોતાના ઘર પર કાળો ધ્વજ ફરકાવતા પોલીસ જાપ્તો ગોઠવવામાં આવ્યો હતો.

કેવડિયામાં બનાવાયેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ને લઈ વિસ્તારના કેટલાક આદિવાસી સમાજમાં ભારે રોષ પ્રગટ થઈ રહ્યો છે. તેમજ ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રિય એકતા દિન ને બ્લેક ડે મનાવવા પણ સૂચનો થયા હતા તેમજ સ્ટેચ્યુ ઓફ ડિસ્પ્લેસમેન્ટ આ બાબતે પણ કેટલાક આદિવાસી સમાજ દ્વારા માંગ કરાઈ રહી છે. જેમાં દાહોદ જિલ્લાના સુખસર નજીક આવેલા રાવલના વરૂણા ગામે આદિવાસી નેતા રાજુભાઈ દ્વારા પોતાના ઘર ઉપર કાળો ધ્વજ ફરકાવી કાળો દિવસ મનાવાયો હતો. જેને લઈને સુખસર પી એસ આઇ એસ એન બારીયા સહિત સ્ટાફ દ્વારા રાજુભાઈને નજરકેદ કર્યા હતા અને પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો કેવડિયા ખાતે વડાપ્રધાન નો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જાપ્તો સમાપ્ત કરાયો હતો.

## ઝાલોદમાં વાહન ચોરોનો તરખાટ : બે બાઈકોની ચોરી

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં મોટરસાઈકલ ચોરોએ આતંક મચાવતા એકજ રાત્રીમાં એક સાથે બે મોટરસાઈકલોની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ઝાલોદ નગરમાં શ્યામ વિહાર સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ ખીમજીભાઈ ડામોર અને રાકેશભાઈ સોમાભાઈ પારગીએ પોતપોતાની મોટરસાઈકલ ગત તા.૨૯મી ઓક્ટોબરના રોજ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલોને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી બંન્ને મોટરસાઈકલોની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે શૈલેષભાઈ ખીમજીભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરના ઈસમે દેવગઢ બારીઆના રહિશના રૂા.૧૭ લાખ પડાવી લેતા ફરિયાદ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ટીમ્બા ગામે એક ગાંધીનગરના ઈસમે દેવગઢ બારીઆના એક વ્યકિતને વિશ્વાસમાં લઈ રૂા.૧૭ લાખ પડાવી લીધા હતા. બાદમાં આ પૈસાની માંગણી કરતાં ગાંધીનગરના ઈસમ દ્વારા જાતિઅપમાનિત કરી બેફામ ગાળો બોલી, પૈસા નહીં આપવાનું કહી, મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે દેવગઢ બારીઆના વ્યકિત દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

દેવગઢ બારીઆ નગરમાં રાધે ગોવિંદ મંદિરની પાછળ રહેતા દેવાભાઈ માનાભાઈ વણકરની ગાંધીનગર સ્થિત રહેતા જીગરભાઈ ભગુભાઈ ચૌધરી સાથે થોડા સમય અગાઉ મુલાકાત થઈ હતી. આ મુલાકાત બાદ જીગરે દેવાભાઈ સાથે ગાંઢ મિત્રતા બાંધી લીધી હતી અને દેવાભાઈ પાસેથી રૂા.૧૭ લાખ વિશ્વાસમાં લઈ પડાવી લીધા હતા. આ બાદ જીગર ગાંધીનગર ખાતે રવાના થઈ ગયો હતો. લાંબો સમય વિત્યા બાદ દેવાભાઈએ આપેલ પૈસા પરત નહીં મળતા તેઓએ જીગરભાઈનો સંપર્ક સાંધ્યો હતો અને આપેલ પૈસાની માંગણી અવાર નવાર કરતાં હતા પરંતુ જીગર પૈસા આપવાનું નામ લેતો ન હતો. આખરે ૧૭ લાખ પૈકી ૮૯,૦૦૦ ચુકવ્યા હતા. આ દરમ્યાન બાકીના પૈસા પરત કરવાની માંગણી સાથે ગત તા.૨૮મી ઓક્ટોબરના રોજ દેવાભાઈએ જીગરભાઈ સાથે વાત કરતાં જીગર એકદમ ઉશ્કેરાયો હતો અને જાતિ અપમાનિત શબ્દો બોલી, બેફામ ગાળો બોલતો હતો દેવાભાઈને કહેવા લાગેલ કે, તને અને તારી પત્નિને મારી મોટી ગાડી નીચે ચઢાવી મારી નાંખીશ, મારી ખુબજ મોટી પહોંચ છે અને મારી પાસે ઘણા માણસો છે, તેમ કહી ભારે અપમાનિત કરતાં આ સંબંધે દેવાભાઈ માનાભાઈ વણકરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ડ્રાયવર-કંડકટરોનું મનસ્વી વર્તન

## બારીઆ ડેપોની એકપણ બસ ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડ ઉપર કયા કારણે જતી નથી ?

દે.બારીઆ,

દેવગઢ બારીઆ એસ.ટી.ડેપો ગોધરા વિભાગીય એસ.ટી.કચેરીના તાબે આવેલ છે. બારીઆ એસ.ટી.બસોના રૂટ સવારે છ કલાકે થી વડોદરા તરફ અવરજવર કરે છે.

પ્રાપ્ત માહિત અનુસાર દેવગઢ બારીઆ એસ.ટી.ડેપોની બસો વડોદરાના રૂટ લોકલ તેમજ એક્સપ્રેસના અનેક રૂટો છે. તેમાંથી એકપણ બસ ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડ ઉપર પેસેન્જર રીકવેસ કરે તો પણ લઈ જતા નથી અને ડ્રાયવર તથા કંડકટરો પોતાની મન મરજી વાપરી વી.આઈ.પી. થી એસ.ટી.ના વ્હાલા ગ્રાહકોને ઉતારી દેતા હોય છે. જેના કારણે પેસેન્જરોને બેવડો માર પડે છે. હાથીખાના, મંગળ બજાર, માંડવી બજારમાં ખરીદી માટે જતા આમ જનતાને મંદીના માહોલમાં પરવડે તેમ નથી. જેથી ખાનગી બસોમાં બેસી જવા માટે મજબુર થયા છે. ખાનગી બસો ભૂતડી ઝાંપા જાય છે. તેથી એસ.ટી.બસોને નુકશાન એસ.ટી.ના ડ્રાયવર તથા કંડકટરો કરી રહ્યા છે. વિભાગીય કચેરી ડીવીઝન મેનેજર આ અંગે જી.પી.એસ. સીસ્ટમ ઉપર ચેક કરીને જે તે બસ ટ્રેક કરી તે બસો અથવા ડેપોના ડ્રાયવર, કંડકટરોનો કારણદર્શક નોટીસ પાઠવી બસોને ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડ લઈ જવા માટે આદેશ કરે અને બારીઆ ડેપોની કઈ કઈ બસ ભૂતડી ઝાંપા બસ સ્ટેન્ડનો રૂટ છે. તેની જનતાની માંગ ઉઠવા પામી છે.

## ફતેપુરાના મોટા સલરા ગામે પશુઓને લાકડીના ફટકા મારી હત્યા કરતા ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મોટા સલરા ગામે એક પરિવારના છોકરા–છોકરી ભાગી જતાં જે વ્યકિતને કોઈપણ જાતની લેવાદેવા ન હોય તેના ઘરે જઈ ગાય–વાછરડાને ત્રણ પુરૂષો તથા ત્રણ મહિલાઓ દ્વારા લાકડીઓના ફટકા મારી હત્યા કરાઈ હતી.

જે બાબતે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવા છતાં તેની કોઈ કાર્યવાહી નહિ કરાતા આ બાબતે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ ગામના માલિક દ્વારા રજુઆત કરી ગાયના હત્યારાઓની સામે કાયદેસરનો ગુનો દાખલ કરે તે બાબતે ફેક્સ દ્વારા રજુઆત કરી હતી.

ફતેપુરા તાલુકાન મોટાસલરા ગામે રહેતા વિનોદભાઈ કાળુભાઈ ડામોર ખેતીવાડી તથા છુટક મજુરી ધંધો કરી તેમજ પશુપાલન દ્વારા ઘરનુ ગુજરાત ચલાવે છે. જેઓને એક ગામના પરિવારના છોકરા–છોકરી ભાગી ગયેલા તેમાં તેઓને કોઈ જાતનો સંબંધ ન હોવા છતાં તા.૨૭ ઓકટો.ના રોજ છોકરી પક્ષના ત્રણ પુરૂષો તથા ત્રણ મહિલાઓ લાકડીઓ લઈ વિનોદભાઈ ડામોરના ઘરે દોડી આવી ઘરની બહાર બાંધેલ પશુઓને લાકડીઓ વડે આડેધડ ફટકાઓ મારવા લાગતા એક ગાય(વાછરડી)ને આડેધડ ફટકા મારતા જમીન ઉપર ઢળી પડ્યા પાડ મૃત્યુ પામી હતી. વિનોદભાઈ ડામોરની માતાએ બુમાબુમ કરતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. જયારે પશુઓને મારામારી કરી રહેલી મહિલા તથા પુરૂષો ભાગી છુટ્યા હતા. તા.૨૮ના રોજ વિનોદભાઈ ડામોર સવારમાં ફતેપુરા પોલીસ સ્ટેશનમાં હકીકત વર્ણવતી અને ત્રણ મહિલાઓ સહિત ત્રણ પુરૂષોના નામ જોગ લેખિત ફરિયાદ આપી હતી. ફતેપુરા પોલીસે ફરિયાદીની ફરિયાદી લીધા બાદ મોટા સલરા ગામે સ્થળ પર જઈ જોતા ગાય મૃત હાલતમાં જણાઈ આવી હતી. તે બાદ તમો ફતેપુરા આવો તેમ જણાવી પોલીસ પરત જતી રહેલ હોવાનુ રજુઆતમાં ઉલેખ કર્યો હતો. જો કે બીજા દિવસ સુધી મૃત ગાય સ્થળ ઉપર જ મૃત હાલતમાં પડેલ હોવા છતાં કોઈ જ તપાસ કરી નહિ હોવાથી તથા લેખિત ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલ લોકોની કોઈ પુછપરછ નહિ કરતા વિનોદભાઈ ડામોરે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ ફેક્સ દ્વારા રજુઆત કરી ગાયના હત્યારાઓની સામે કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

## ફતેપુરા તાલુકાના આંગણવાડી છેલ્લા પંદર દિવસથી ગુમ થતાં મહિલાના પતિ દ્વારા ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં સગીર કિશોરીઓ તથા પરિણિતાઓના ગુમ થવાના અને અપહરણના બનાવો દિન–પ્રતિદિન વધી રહ્યા છે. તેમાં વધુ એક બનાવ ફતેપુરા તાલુકાના એક ગામડાની આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી સંચાલિકા તરીકે ફરજ બજાવતી ૪૫ વર્ષિય મહિલા છેલ્લા ૧૫ દિવસથી ગુમ થતાં તેના પતિ દ્વારા સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ એક ગામડાના ઘટક–૨માં આંગણવાડી સંચાલિકા તરીકે ફરજ બજાવતી ૪૫ વર્ષિય પરિણિતાના ગત ૨૦ વર્ષ અગાઉ સુખસર પાસે આવેલ એક ગામડાના યુવાન સાથે લગ્ન થયેલ હતા. અને હાલ તેઓ સંતાનમાં બે પુત્રો તથા એક પુત્રી ધરાવે છે. અને પતિ–પત્નિનો ઘર સંસાર સારી ચાલતો આવેલ છે. જયારે પરિણિતાના પતિ સહિત તેનો એક પુત્ર ગત સપ્ટે.માસમાં જુનાગઢ બાજુ મજુરી કરવા ગયેલ હતા જયારે એક પુત્ર તથા એક પુત્રી સાથે પરિણિતા ઘરે હતી. અને આ પરિણિતા ગામમાં જ આંગણવાડી કેન્દ્રમાં સંચાલિકા તરીકે વર્ષોથી ફરજ બજાવી રહેલ છે. આ આંગણવાડી સંચાલિકા ગત ૧૦ ઓકટો.૨૦૨૦ના રોજ ઘરના સભ્યોને સુખસર કપડા સીવડાવવા જાઉં છુ તેમ જણાવી બપોરના બે વાગ્યાના અરસામાં કપડા લઈ ઘરેથી નીકળી હતી. ત્યારબાદ આ પરિણિત મોડા સુધી ઘરે નહિ ફરતા તેની પરિચિતો તથા સગાસંબંધિઓમાં ભાળ મેળવવા છતાં તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી તેની જાણ મજુરી કામે ગયેલ પરિણિતાના પતિને કરવામાં આવી હતી. અને આજદિન સુધી તે પરિણિતાનો કોઈ પત્તો લાગ્યો નથી.

## ઝાલોદના થેરકા ગામે મહિલાને દવાખાને લઈ જવા મામલે તકરારમાં દંપતિને મારમારતાં ઈજાઓ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના થેરકા ગામે મહિલાને દવાખાને લઈ જવાના મામલે થયેલ ઝઘડામાં એક દંપતિએ બે જણાને લોખંડની પાઈપ વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે,હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતા પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના થેરકા ગામે થેરકી ફળિયામાં રહેતા વિરૂભાઈ હિરાભાઈ ગુંદીયા અને તેમની પત્નિ સોનલબેન વિરૂભાઈ ગુંદીયાએ ગત તા.૨૭મી ઓકટમ્બરના રોજ પોતાના જ ફળિયામાં રહેતા લલીતાબેનને ઘરે જઈ કહેવા લાગેલ કે, તમો બોબડીને કેમ દવાખાને લઈ ગયા, તેમ કહેતા લલીતાબેને જણાવેલ કે, તેના બાપે ફોન કરીને વાત કરેલ કે, બોબડીને દવાખાને લઈ જજો, તેમ કહેતા વિરૂભાઈ તથા તેમની પત્નિ સોનલબેન એકદમ ઉશ્કેરાઈ બેફામ ગાળો બોલી લોખંડની પાઈપ સાથે લઈ દોડી આવી લલીતાબેન તથા રાણીબેન કલીયાભાઈ ગુંદીયાને માર મારી શરીરે, હાથે પગે તેમજ પેટના ભાગે ગડદાપાટ્ટુનો તેમજ પાઈપ વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત રાણીબેન કલીયાભાઈ ગુંદીયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ફેબ્રુઆરી બાદ પ્રથમ વખત GST કલેક્શન ઓક્ટોબરમાં ૧ લાખ કરોડને પાર

ન્યુ દિલ્હી,

આ વર્ષે ફેબ્રુઆરી બાદ પહેલી વખત ઓક્ટોબરમાં કુલ જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર થયું છે. ઓક્ટોબર ૨૦૨૦માં કુલ જીએસટી કલેક્શન ૧,૦૫,૧૫૫ કરોડ રૂપિયાના સ્તર પર પહોંચી ગયું હતું. તેમાંથી ૧૯૧૯૩ કરોડ રૂપિયા સીજીએસટી, ૨૫૪૧૧ કરોડ




રૂપિયા એસજીએસટી અને ૫૨૫૪૦ કરોડ રૂપિયા આઈજીએસટીના છે. આઈજીએસટીમાં ૨૩૩૭૫ કરોડ રૂપિયા વસ્તુઓના આયાત પર વસુલ કરવામાં આવ્યો છે. સેસના રૂપે ૮૦૧૧ કરોડ રૂપિયાની વસુલી કરાઈ છે. જેમાં ૯૩૨ કરોડ રૂપિયા ઈમ્પોર્ટ્ડ ગુડ્સ પર લગાવવામાં આવેલા સેસમાંથી વસુલ કરવામાં આવ્યાં છે.

૩૧ ઓક્ટોબર સુધી ફાઈલ કરવામાં આવેલા કુલ જીએસટીઆર-૩બી રિટર્ન્સની સંખ્યા અંદાજે ૮૦ લાખ સુધી પહોંચી ચુકી છે. આઈજીએસટીમાં રેગ્યુલર સેટલમેંટના ભાગે સરકારે ૨૫૯૦૧ કરોડ રૂપિયાનો સીજીએસટી અને ૧૯૨૪૭ કરોડ રૂપિયાનો એસજીએસટીની ચૂકવણી કરી દીધી છે. ઓક્ટોબરમાં ચુકવણી કર્યા બાદ કેન્દ્ર સરકારા ભાગમાં કુલ સેટલમેન્ટની રકમ ૪૪૨૮૫ કરોડ રૂપિયા આવી છે. તો રાજ્યોના ભાગમાં એટલે કે એસજીએસટીના ભાગે ૪૪૮૩૯ કરોડ રૂપિયા આવ્યાં હતાં. પાછલા વર્ષે ઓક્ટોબરની તુલનામાં આ વર્ષે ઓક્ટોબરમાં કુલ જીએસટી રેવન્યુમાં ૧૦ ટકાનો વધારો થયો છે. આ મહિના દરમયાન આયાતના માધ્યમથી પ્રાપ્ત રેવન્યુ ૯ ટકાથી વધારે રહી છે. ડોમેસ્ટિક સ્તર પર લેણદેણના આધાર પર જોઈએ તો જીએસટી રેવન્યુમાં ૧૧ ટકાનો વધારો થયો છે. જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બરની તુલનામાં જીએસટી રેવન્યુનો ગ્રોથ ક્રમશઃ ૧૪, ૮ અને ૫ ટકા રહ્યો છે. આ આંકડાથી માનવામાં આવી રહ્યું છે કે, અર્થવ્યવસ્થા હવે ધીમે ધીમે પાટા પર આવી રહી છે.

ઓક્ટોબર ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં જીએસટી કલેકશન સૌથી વધારે ૧૫૭૯૯ કરોડ રૂપિયા રહ્યું છે. જે બાદ કર્ણાટકમાંથી ૬૯૯૮ કરોડ રૂપિયા, તામિલનાડુમાં ૬૯૦૧ કરોડ રૂપિયા અને યુપીમાં ૫૪૭૧ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન કરવામાં આવ્યું છે.

(પાન નં.૪ નું ચાલુ)

### ઘોઘંબા માધ્યમિક શાળાની.....

રહ્યા હતા. ત્યારે આ માર્ગના નવિનીકરણ માટેની ગ્રાન્ટ ફાળવતા અને કામ મંજુર થતાં રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. રસ્તાની કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા માટી–મેટલનું કામ કરીને આગળની કામગીરી બંધ કરી દેવામાં આવી છે. તેમાં પણ કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવત્તાના મેટલનો ઉપયોગ કરવામા આવ્યો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. માટી–મેટલની કામગીરી બાદ રસ્તાની કામગીરી અધુરી છોડી દેવાને લઈ હાલમાં રોડ ઉપર ધુળની ડમરીઓ ઉડતી જોવા મળી રહી છે. રોડ ઉપર ઉડતી ધુળની ડમરીઓને લઈ રાહદારીઓ વાહન ચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓ પરેશાન થઈ રહ્યા છે. હાલ દિવાળી જેવા તહેવારનો સમયગાળો છે. ત્યારે અધુરા રોડની કામગીરી વેળાસર પુરી કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

### ગોધરા-વડોદરા રોડ ઉપર.....

ગોધરા–વડોદરા હાઈવે રોડ ઉપર લીલેસરા રોડ ઉપર અમર–વે બ્રીજની સામેની પુરઝડપે પસાર થતાં અજાણ્યા વાહન ચાલકે વાહન ગફલત ભરી રીતે હંકારી લાવ્યો હતો અને રોડ સાઈડે ઉભા રહેલા શૈલેષકુમાર વિક્રમસિંહ જાદવ ઉ.વ.૩૫ રહે.ગુણેલી, શહેરાને અડફેટમાં લીધો હતો અને માથાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી વાહન લઈ નાશી છુટતા આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઝાલોદના મહુડી ગામે ઝરખ કુવામાં પડતાં વનવિભાગે રેસ્કયુ કરી બચાવી લીધુ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના પડી મહુડી ખાતે થાળા વગરના કુવામાં એક ઝરખ રાત્રિના સમયે ખાબકયુ હતુ. કુવામાં પડેલ ઝરખને બચાવવા માટે ગ્રામજનોએ આગેવાન શંકરભાઈ કટારાને જાણ કરતા તેમને વનવિભાગની ટીમને જાણ કરી હતી. જેથી વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચોવીસ કલાક ઉપરાંતથી કુવામાં ખાબકેલ ઝરખને બહાર કાઢવા માટે વનવિભાગના જે.ડી.ડામોર, એચ.પી.ડામોર, એચ.ડી.ભરાડ, એ.જી.નિનામા, અને એ.કે.દામા દ્વારા ખાટલાને બાંધીને કુવામાં ઉતારીને પાંચ કલાકની ભારે જહેમત બાદ રેસ્કયુ કરવામાં આવ્યુ હતુ. આમ થાળા વગરના કુવામાં ખાબકેલ ઝરખને ચોવીસ કલાક બાદ વનવિભાગની ટીમ દ્વારા બચાવી લેવામાં આવ્યુ હતુ.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 62

## ટેન્ડર પ્રક્રિયાની આંટા પાટા વચ્ચે

# દાહોદ-ઈન્દોરની રેલ લાઈન વર્ષોથી ખોરંભે ત્યારે પાટાનું કામ શરૂ કરવાને બદલે બંધ કરાયું

દાહોદ,

૧૨ વર્ષ પૂર્વે કેન્દ્ર સરકારે ૨૦૫ કિ.મી. મંજૂર કરાયેલી દાહોદ-ઈન્દોર પરી યોજના પૈકી અત્યાર સુધી માત્ર ૩૬ કિમી પાટા નંખાયા છે. નેતાઓ અને અધિકારીઓની ઉદાસીનતાને લઈને એકાએક કામ બંધ થઈને મહત્વકાંક્ષી યોજના ખોરંભે પડીને પ્રજાને રેલ વ્યવહારની વર્ષો બાદ પણ સુવિધા પ્રાપ્ત ન થતા નારાજગી છવાઈ છે. જોકે આ પાછળ ટેન્ડરો રદ કરવામાં આવી રહ્યા છે.

### ટેન્ડરો બોલાવવા અને મંજૂરી આપવામાં સચમ લાગશે

ટેન્ડર રદ કરવાની પ્રક્રિયા ખોટી છે. કોન્ટ્રાકટર કંપનીની સંમતિથી કામ રોકી શકાય છે. તાજા ટેન્ડરને બોલાવવા અને મંજૂરી આપવામાં લાંબો સમય લાગશે. રેલ્વે એ કોઈપણ સંજોગોમાં તેહીથી સાગૌર સુધીની કામગીરી પૂર્ણ કરવી જોઈએ. તેમ રેલ તંત્રના અધિકારી નાગેશ નમજોશી કહે છે.

- ૨૦૫ કિ.મી. લાંબી રેલ લાઈનનો ખર્ચો રૂા.૬૭૮ કરોડ અંદાજાયો હતો.
- ૧૨ વર્ષ પછી પણ મંથરગતિએ કામ તો કયાંક બંધ.
- એકાએક ટેન્ડર રદ કરવાની પ્રક્રિયાથી પુનઃ કામગીરી ઠપ્પ બની.
- ટેન્ડર પુનઃ મંગાવીને અને કામ શરૂ કરવામાં બજેટ અને સમય વધે તેવી શકયતાઓ.
- અધિકારીઓના મનસ્વી નિર્ણયથી પ્રજામાં અનકે ગણગણાટ.

ગુજરાતનું દાહોદ અને મદયપ્રદેશનું ઈન્દોર સરહદી રાજયમાં ઔદ્યોગિક અને વેપારી મથક હોવાથી બંને રાજયના અનેક વિસ્તારોમાંથી લોકોના રોજીંદા વ્યવહાર સંકળાયલો છે. રેલ માર્ગ હોવા છતાં અંતરની દ્દષ્ટિએ લાંબો હોવાથી સમય અને ખર્ચનો વધારાનું નુકશાન વેઠવું પડી રહ્યું છે. જ્યારે માર્ગ સુવિધા પણ એટલું જ ખર્ચાળ પડતા આર્થિક રીતે ખોટરૂપ ગણાય છે. ત્યારે વર્ષો પૂર્વે આ બે રેલ મથકોને જોડતી બ્રોડગેજ રેલ પ્રોજેકટની મળતી માહિતી પ્રમાણે તત્કાલીન રેલમંત્રી એ સિદ્ધાંત મંજૂરી અપાઈ હતી પરંતુ બજેટ કે કોઈને કોઈ કારણોસર આ પરી યોજનાનું ટેન્ડર પ્રક્રિયા કે જમીન ચકાસણી જેવી બાબતોને લઈને ઢીલાસ વર્તાઈ હતી. અનેકોવખત નેતાઓ દ્વારા કે રાજ્ય સરકારના મહત્વના કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્ન તરીકે ગણીને અગત્યરૂપ આ પરી યોજનાનો અંદાજ કાઢતા રૂા.૬૭૮ કરોડ રૂપીયાનો ખર્ચ કાઢતા ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૮માં આ પરી યોજનાનું શિલાન્યાસ કરવામાં આવ્યું હતું. અંદાજીત ત્રણ-ચાર વર્ષમાં આ રેલ લાઈનની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક સરકારે નકકી કર્યો હતો. આશરે ૨૦૫ કિ.મી. લાંબી દાહોદ-ઈન્દોરની કામગીરી શરૂ કરવામાં આવતાં પ્રજાને રેલ સુવિધા ઝડપથી મળવાનો આશાવાદ સેવી રહ્યા હતા. પરંતુ રેલ તંત્રની મંથરગતિ ગણો કે વખતોવખત ઉદ્દભવેલ પ્રશ્નોને લઈને કામગીરી ધોંચમાં પડી ગઈ છે. આ મહત્વની રેલ પરી યોજનાના કેટલાક ટેન્ડરો રદ કરવાની તૈયારીઓ અને કેટલાક રદ કરી દેતા પ્રોજેકટ ખોરંભે પડયો છે. ત્યારે યોજના કયારે પૂર્ણ થશે તે જોવાનું રહ્યું.

### ૩ કિ.મી. ટનલનું કામ બંધ

લાંબા સમયથી અટકેલા પ્રોજેકટનું કામ સમાંતરે કોઈને કોઈ કારણોસર શરૂ કરી શકયું નથી. તેનાથી વિપરીત ટેન્ડર રદ કરવાનું શરૂ કર્યું છે. લાઈન નાખતા પૂર્વે પૃથ્વી બાંધકામ અને નવા પુલ બનાવવાની દરખાસ્ત છે. તે હવે અટવાયા છે. ટેન્ડર રદ કરવાથી ગુણાવાડ વચ્ચે ૩ કિમી લાંબી ટનલનું કામ બંધ કરી દેવાયું છે. અધિકારીઓ રેલ્વેના ફાયદા કે નુકશાનનું મૂલ્યાંકન કર્યા વિના મનસ્વી નિર્ણયો લે છે. જેમાં ૨૦૦ કરોડનો સમાવેશ થાય છે.

## શહેરાના નાડા બાયપાસ ઉપર હાટમાં પશુઓ વેચતા વાહનોને અડચણ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા શનિવારી હાટ બજારમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદી કરવા લોકોની ભીડ જામી હતી. જ્યારે નાડા બાયપાસ રોડ ઉપર મરઘા, કુકડા તેમજ પશુઓ નુ લે વેચ કરતા વેપારીઓ પોતાનો અડીંગો જમાવી દેતા ત્યાંથી પસાર થતા રાહદારીઓ સાથે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

શહેરા માં શનિવારના દિવસે વર્ષોની પરંપરા મુજબ બસ સ્ટેશન અને માર્કેટિંગ યાર્ડ ખાતે હાટ બજાર ભરાતુ હોય છે. આ શનિવારે નગરના નાડા જવાના બાયપાસ રોડ ઉપર મરઘા, કુકડા તેમજ પશુઓની લે-વેચ કરતા વેપારીઓ ઉભા રહી જતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો સાથે રાહદારીઓને પણ ભારે તકલીફ નો સામનો કરવો પડ્યો હતો. આ માર્ગ ઉપર કોઈ પણ તંત્રની મંજૂરી વગર પશુઓની લે-વેચ કરતાં વેપારીઓએ દિવસ દરમિયાન પોતાનો ધંધો કરતા નજરે પડ્યા હતા. શનિવારી હાટ બજાર સામાન્ય અને મદયમ વર્ગ માટે આશીર્વાદ રૂપ હોવાથી અહીં ગ્રામીણ વિસ્તારમાંથી અનેક લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદી કરવા માટે આવતા હોય છે. જ્યારે સબંધિત તંત્રને શનિવાર હાટ બજારમાં નિયમોનું પાલન કરવામાં કોઈ રસ ના હોય તેમ અહીં જોવા મળતા દ્રશ્યો ઉપરથી ખબર પડી જાય છે. મહત્વનું છે કે હાઈવે માર્ગ ને અડીને પશુઓનું જે રીતે લે વેચ થતું હોવાથી અમુક સમયે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાતા હોય છે. ત્યારે સંબંધિત તંત્ર આવનાર શનિવારના રોજ આ બાબતે કેટલીક ગંભીર લેવામા આવશે કે નહીં તે જોવું જ રહયુ ?

## ઘોઘંબા-રાજગઢ પોલીસે કત્તલના ઈરાદે લઈ જવાતા ૧૨ ગૌવંશને બચાવી પરવડી પાંજરાપોળ ખસેડાયા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા -રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે છોટાઉદેપુરથી કત્તલ માટે ટેમ્પામાં ગૌવંશ ભરીને ઘોઘંબા તાલુકાના ગામોમાં થઈ વેજલપુર જનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ચંદ્રનગર ગામ પાસેથી એક ઈસમને ૧૨ ગૌવંશ કિંમત ૧,૫૦,૦૦૦ રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામા આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે, ટાટા ૭૦૯ ટેમ્પો નંબર જીજે.૦૧.ટીટી.૭૦૨૩ માં છોટાઉદેપુર થી કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને ઘોઘંબાના અંતરીયાળ ગામોમાં થઈને ટેમ્પો વેજલપુર તરફ જવાનો છે. તેવી ચોકકસ બાતમીના આધારે રાજગઢ પોલીસ દુધાપુરા ચોકડી થી ચંદ્રનગર જવાના રોડ ઉપર લાકડાની આડાશો કરીને નાકાબંધી કરી હતી. બાતમીવાળા ટેમ્પોને પોલસે ઈશારો કરીને રોકવા જતાં ટેમ્પો ચાલક બેરીકેટીગ તોડી ચંદ્રનગર તરફ નાશવા લાગેલ હતા અને ટેમ્પોમાંથી ત્રણ ઈસમો નાશી છુટીયા હતા. જયારે ટેમ્પો ચાલક શબીર ઈશાક મીઠા રહે.સાતપુલ ને ઝડપી પાડયો હતો. ટેમ્પોના ચેકીંગ કરતાં ૧૨ ગૌવંશ કિંમત ૧,૫૦,૦૦૦/-રૂપીયા તથા ટેમ્પો ૧,૨૫,૦૦૦/-રૂપીયા મળી ૨,૭૫,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. કત્તલ માટે લઈ જતા બચાવી લેવાયેલ પશુઓને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામા આવ્યા હતા. આ બાબતે રાજગઢ પોલસ મથકે ચાર ઈસમો વિરૂદ્ધ પશુ સંરક્ષણ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબાના કોઠાયડી પંચાયતના સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લવાતા સરપંચે રાજીનામુ આપ્યુ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કોઠાયડી ગામમાં આવેલ પંચાયત કચેરી ખાતે કેટલાંક કારણોસર તલાટી તથા પંચાયતના સભ્યો દ્વારા બહુમતી ન હોવાથી સરપંચ ઉપર અવિશ્વાસની દરખાસ્ત લાવવા ઘોઘંબા ટી.ડી.ઓ.ને લેખિત અરજી અપાઈ હતી. ત્યારે અચાનક કોઠાયડી ગ્રામજનોની હાજરીમાં કોઠાયડી ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ દ્વારા સરપંચ શાંતાબેન પારસીંગભાઈ રાઠવાનુ સરપંચ પદેથી રાજીનામુ ઘોઘંબા ટી.ડી.ઓ. અને ડી.ડી.ઓ.ને મોકલી આપવામાં આવતા ખોબલા જેવા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. ઘોઘંબા તાલુકાના કોઠાયડી ગામના સરપંચ સામે પંચાયત કચેરીના સભ્યો દ્વારા અવિશ્વાસ દરખાસ્તની પ્રક્યિા પહેલા જ શુક્રવારે સ્વૈચ્છિક રાજીનામુ ઘોઘંબા તાલુકા મથકે આપતા સરપંચે જણાવ્યુ હતુ કે, મે કોઈપણ જાતના કારણ વગર કોઈના દબાણ વગર રાજીખુશીથી મારૂ રાજીનામુ ઘોઘંબા તાલુકા મથકે મોકલી આપેલ છે.

## કાતોલગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સામાજિક સમરસતા યજ્ઞ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિશ્વ ની પ્રાચીન વસુધૈવ કુટુંબકમ ની ભાવનાથી હિંદુ વિચાર ની પરંપરા સર્વશ્રેષ્ઠ શિખર પર સ્થાપિત છે. તેવા ભારત માતાના સંતાનો સૌ એક છે એક પરિવારજનો જ છે. સમાજમાં સૌ એકબીજાની નજીક આવે બીજા પ્રત્યે સ્નેહ નો આત્મીયતાના સંબંધ બંધાય જેના થકી સમાજનું અને દેશનું ઘડતર થાય અને દેશની એકતા મજબૂત થાય એ તો તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કાતોલ ગામ ના હરસિધ્ધિ મંદિર ખાતે સામાજિક સમરસતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ યજ્ઞ માં ગાયત્રી પરિવાર ના સભ્યો સહિત કાલોલ ના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ કાલોલ નગરપાલિકાના પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય સામાજિક કાર્યકર સતિષભાઈ શાહ ,કાતોલ ગ્રામ પંચાયતના સભ્યો વિશ્વ હિન્દુ પરિષદના શંભુભાઈ શુક્લ,વિનોદભાઈ બ્રહ્મભટ્ટ, દિનેશભાઈ બ્રહ્મક્ષત્રિય, અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## શહેરાના પાનમ પાટીયા થી ડેમ સુધીનો રસ્તો બિસ્માર



શહેરા,

શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ જવાનો રસ્તો બિસ્માર બનતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. રસ્તા ઉપર પડેલ મસમોટા ખાડાઓ ની મરામત તંત્ર વહેલી તકે કરે તેમ અહીથી પસાર થતા વાહનચાલકો ઈચ્છી રહયા છે.

શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર પાનમ પાટીયા થી પાનમ ડેમ અને ઉડાંરા તરફ ૩૦થી વધુ ગામને જોડતો રસ્તો પાછલા કેટલાક સમયથી બિસમાર બનતા અહીંથી પસાર થતા વાહનચાલકો ને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. આ ડામર રસ્તા ઉપર મસમોટા ખાડાઓ તેમજ અમુક જગ્યાએ સંપૂર્ણ રસ્તો તુટી જવાના કારણે નાના-મોટા વાહનચાલકો માટે કમરતોડ સાબિત થઈ રહયો છે.આ રસ્તો નવીન બને કે પછી રસ્તાની મરામત તંત્ર દ્વારા વહેલી તકે કરવામાં આવે તે જરૂરી લાગી રહયુ છે. સંતરામપુર તરફ અને સુલીયાત મોરા તરફ જવાનો ટૂંકો માર્ગ હોવા સાથે જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમ તરફ પણ આ રસ્તો જતો હોવાથી અહી વાહનોની અવરજવર પણ રહેતી હોય છે. માર્ગ અને મકાન વિભાગ આ બિસ્માર રસ્તાની મરામત ક્યારે કરશે તે જોવુજ બની રહયુ છે.

## પંચમહાલ કોંગ્રેસ સમિતિ દ્વારા સરદાર પટેલની જન્મ જયંતિ અને ઈન્દીરા ગાંધી પૂણ્યતિથીએ શ્રધ્ધાસુમન અને પુષ્પાંજલી અર્પી


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ભારતની એકતાના શિલ્પી રાષ્ટ્ર નિર્માતા લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મ જયંતી અને આર્યન મહિલા અને દેશના વિકાસ અને પ્રગતિમાં મહત્વપૂર્ણ પ્રદાન કરનાર પૂર્વ વડાપ્રધાન સ્વ. શહીદ શ્રીમતી ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં ઐતિહાસિક સરદાનગર ખંડ પાસે શ્રદ્ધા સુમન અને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયેલ હતો સરદાર વલ્લભભાઈ પટેલ તથા સ્વ. ઈન્દિરા ગાંધીની દેશ સેવાઓને યાદ કરી પુષ્પાંજલિ આપવામાં આવેલ હતી. કાર્યક્રમમાં જિલ્લા લઘુમતી સેલના ચેરમેન ઉસ્માનભાઈ બેલી, એસ.સી.સેલના ચેરમેન વકીલ રાજેશભાઈ હડીયલ, જિલ્લા મહિલા સેવાદળના સંગઠક નિરૂપાબેન ભરવાડ, ગોધરા તાલુકા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ આર. એન.પટેલ, તાલુકા પંચાયત સભ્ય ભરતસિંહ બારીયા પ્રદેશ, ઓબીસી મંત્રી વકીલ ગણપતસિંહ પટેલ, સામાજિક સેવાભાવી આગેવાન હાજી હનીફ કલંદર, કોંગ્રેસ અગ્રણી વકીલ આબિદ શેખ, જય ગણેશ ચૌહાણ, ફિરોજભાઈ સિંધી, ઉમેશ શાહ, ફારૂક વોરા, અયુબ ચરખા, જવીદવલી વાંકા સહિત કોંગ્રેસી કાર્યકરોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન સાથે પુષ્પાંજલિ આપેલ હતી.

## ગોધરા-દાહોદ હાઈવે ઓરવાડા ગામે ટ્રકની અડફેટ બાઈક સવાર પિતા-પુત્રનું મોત

ગોધરા,

ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર ઓરવાડા ગામે ટ્રક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક સવાર પિતા-પુત્રને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-દાહોદ હાઈવે રોડ ઉપર આવેલ ઓરવાડા ગામ પાસેથી પસાર થતી ટ્રકના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ઉપર પસાર થતાં પિતા-પુત્રને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૭૫ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૭૫ થવા પામ્યો છે.

- ૧૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૬.
- મૃત્યુ આંક - ૧૨૦.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં હાલોલ-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.


## ગોધરા-વડોદરા રોડ ઉપર લીલેસરા પાસે અજાણ્યા વાહનની અડફેટે ૩૫ વર્ષીય યુવાનનું મોત

ગોધરા,

ગોધરા-વડોદરા રોડ ઉપર લીલેસરા ગામે અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટમાં લઈ માથાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ કરી ઘટના સ્થળે મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે

(અનુ.પાના.નં.૩)

## પાવાગઢ માતાજીના દર્શન આજથી રાબેતા મુજબ થશે


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

કોરોનાની મહામારીને કારણે આસો નવરાત્રીમાં યાત્રાધામ પાવાગઢ ખાતે માતાજીના દર્શન ભક્તો માટે બંધ રખાયા હતા. જે હવે બીજી નવેમ્બરને સોમવારથી રાબેતા મુજબ માતાજીના દર્શન ભાવિકો માટે ખુલ્લા મુકાશે તેમ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવાયું હતું. રાજ્ય સરકાર, જીલ્લા વહીવટી તંત્ર તેમજ મંદિર ટ્રસ્ટ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લઈ આસો નવરાત્રી પર્વમાં પાવાગઢ ખાતે બીરાજમાન શ્રી મહાકાળી માતાજીના દર્શન તા.૧૬ ઓક્ટોબર થી ૧ લી નવેમ્બર સુધી એટલે શરદ પૂનમ સુધી યાત્રિકો માટે બંધ રખાયા હતા. વેબસાઈટ તેમજ એલઈડી સ્ક્રીન ઉપર દર્શનની વ્યવસ્થા કરાઈ હતી.

## ઘોઘંબા માધ્યમિક શાળાની સ્વાતી નારાયણ મંદિર સુધીના માર્ગની કમાગીરી અધુરી છોડાતા ગ્રામજનો પરેશાન

ઘોઘંબા,

ઘોઘંબા માધ્યમિક સ્કુલ થી સ્વામીનારાયણ મંદિર સુધીનો માર્ગ લાંબા સમયથી ખખડધજ હોય જેને પંચાયત દ્વારા નવો માર્ગ મંજુર કરવામાં આવ્યો હતો. આ માર્ગ ઉપર માટી-મેટલનું કામ કરીને કોન્ટ્રાકટર દ્વારા અધુરી છોડી દેવામાં આવી છે. જેને લઈ રોડ ઉપર ધુળની ડમરીઓ ઉડતી જોવા મળી રહી છે. આસપાસના રહિશો તેમજ વાહન ચાલકો પરેશાની વેઠી રહ્યા છે.

ઘોઘંબા ગામમાં માદયમિક શાળા થી લઈ સ્વામીનારાયણ મંદિર સુધીનો માર્ગ બિસ્માર બનતા રાહદારીઓ તેમજ વાહન ચાલકો પરેશાન થઈ

(અનુ.પાના.નં.૩)